# જીપ અને બીનઉપયોગી ડેડસ્ટોક સાધનોની ટેન્ડરથી હરાજી

નોડલ ઓફિસર (મેગાસીડ) અને યુનિટ હેડ, કઠોળ અને દિવેલા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી–૩૯૬ ૪૫૦ કચેરી હસ્તકની મહેન્દ્રા જીપ અને બીનઉપયોગી ડેડસ્ટોક સાધનોનું ટેન્ડર હારજીથી વેચાણ કરવાના છે. ટેન્ડર ફોર્મ તા. ૧૮/૭/૨૦૧૬ થી કચેરીના કામકાજનાં ચાલુ દિવસે ૧૦:૩૦ થી ૧૭:૦૦ કલાક દરમ્યાન મળશે. રસ ધરાવતી પાર્ટીઓએ ટેન્ડર ફોર્મ દીઠ રૂા. ૨૦૦/– રોકડા અલગ ચુકવવાના રહેશે. હરાજીમાં ભાગ લેનાર ઈસમે ટેન્ડર ફોર્મ સાથે વાહનની ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા) તથા બીનઉપયોગી ડેડસ્ટોક સાધનો માટે રૂા.૧૦૦૦/–(રૂપિયા એક હજાર પુરા) **"એન.એ.યુ. ફંડ એકાઉન્ટ, ૧૦૩૮૯૩૭૩૨૦૪** નવસારી" ના નામનો બેંક ડીમાન્ડ ડ્રાફટ / રોકડા સાથે પોતાના ભાવ બંધ કવરમાં તા. ૧૦/૦૮/૨૦૧૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રજી.પોસ્ટ/સ્પીડ પોસ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે. આવેલ ટેન્ડર ફોર્મ તા.૧૦/૦૮/૨૦૧૬ ના રોજ બપોરબાદ ૧૪:૩૦ કલાકે ટેન્ડર ભરનાર / તેમના પ્રતિનીધીની હાજરીમાં યુનિવર્સિટીની નિયુકત કરેલ કમિટી સમક્ષ કચેરી ખાતે ખોલવામાં આવશે. હરાજીની બાકીની શરતો કચેરી ખાતેથી યુનિવર્સિટી વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ. જીપ અને બીનઉપયોગી ડેસ્ટોક સાધનો કચેરીના સમય દરમ્યાન યુનિવર્સિટીના કઠોળ સંશોધન ફાર્મ ખાતે જોવા મળશે.

# નોડલ ઓફિસર (મેગાસીડ) અને યુનિટ હેડ, કઠોળ અને દિવેલા સંશોધન કેન્દ્ર ,ન.કૃ.યુ., નવસારી ખાતે બંધ હાલતમાં પડેલ જીપ અને અન્ય બીનઉપયોગી ડેડસ્ટોક સાધનોનું ટેન્ડર હરાજીથી વેચાણની શરતો

૧. કઠોળ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિર્સિટી, નવસારી ખાતે હાલમાં નીચે મુજબની વિગતે જીપ જીજે–૮–એ–૮૬૫૪ અને બીનઉપયોગી ડેડસ્ટોક / સાધનોની ટેન્ડરથી હરાજી કરવાની છે.

| વાહનની વિગત | નંબર | ખરીદીનું વર્ષ | વપરાશ (કિ.મી.) |
|---|---|---|---|
| મહેન્દ્રા જીપ | જીજે–૮–એ–૮૬૫૪ | ૧૯૯૭ | ૧,૫૦,૨૭૫ |

૨. હાલમાં વાહન જે પરિસ્થિતીમાં છે તે મુજબ હરાજીમાં વેચાણ રાખનાર ઈસમે સરકારી નિયમ પ્રમાણે બાકી રહેતો ભરવાનો થતો વીમાની રકમ, ટેક્ષ વગેરે ઈજારદારે જાતે ભરપાઈ કરવાનો રહેશે.

૩. વાહન નંબર :– જીજે–૮–એ–૮૬૫૪ / ડેડસ્ટોક સાધનો દર્શાવેલ સ્થળે જાહેર રજાના દિવસો સિવાય ૯:૦૦ થી ૧૭:૦૦ કલાક સુધી જોવા મળશે.

૪. ટેન્ડરના ફોર્મ તા. ૧૮.૭.૨૦૧૬ થી આપવામા આવશે. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં રોકડા રૂા. ૨૦૦/– ભરીને અત્રેની કચેરીના સમય દરમ્યાન (૧૦:૩૦ થી ૧૭:૦૦) મેળવી લેવાના રહેશે અને ટપાલ થી ટેન્ડર ફોર્મ તા. ૧૦.૮.૨૦૧૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં નોડલ ઓફિસર (મેગાસીડ) અને યુનિટ હેડ, ન.કુ.યુ., નવસારીના સરનામે ફકત આર.પી.એ.ડી/ સ્પીડ પોસ્ટ/ કુરીયરથી મોકલવાના રહેશે. ટપાલના કારણે જો ટેન્ડર મોડા મળે તો તેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી.

૫. ટેન્ડરના કવર ઉપર " જીપ અને બીનઉપયોગી ડેડસ્ટોક સાધનો ખરીદવાનું ટેન્ડર ફોર્મ " અવશ્ય લખવાનું રહેશે પાર્ટીનું નામ અને સરનામુ મોટા અક્ષરથી લખવુ.

૬. હરાજીમાં ભાગ લેનાર ઈસમે વાહનની ડીપોઝીટ પેટે રૂા. ૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા) તથા બિનઉપયોગી ડેડસ્ટોક સાધનો માટે રૂા. ૧૦૦૦/–(રૂપિયા એક હજાર પુરા) ડીપોઝીટ પેટેના રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફટ "એન.એ.યુ. ફંડ એકાઉન્ટ ૧૦૩૮૯૩૭૩૨૦૪" નવસારીના નામનો બીડાણ કરી મોકલવાનો રહેશે જે પાછળથી કાર્યવાહી પુર્ણ થયેથી રીફંડ કરવામા આવશે.

૭. ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.
(અ) હરાજીમાં નકકી કરેલ રકમના ૫૦ % હરાજી બાદ તુરંતજ ભરપાઈ કરવાના રહેશે.
(બ) બાકીની ૫૦ % રકમ દિન–૨ માં જમા કરવાની રહેશે.
(ક) ઉપર જણાવેલ પુરી રકમ કેન્દ્રની ઓફીસે જમા કરવાની રહેશે. અને ત્યાર પછી જ હરાજી માટેનું વાહન / બીનઉપયોગી ડેડસ્ટોક સાધનો લઈ જવા દેવામાં આવશે.

૮. ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદતમાં જમા કરવવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે અને ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેમા ઈજારાની કોઈ તકરાર ચાલશે નહી.

૯. ઉપર જણાવેલ રકમ તથા ડીપોઝીટની રકમ જમા કરાવ્યા બાદ કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે. ત્યાર બાદ ઈજારદારને વાહન / ડેડસ્ટોક સાધનો લઈ જવાની મંજુરી અપવામાં આવશે.

૧૦. આ અંગેની કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તો તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

૧૧. કોઈપણ સંજોગોમાં ઈજારાની પુરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહી.

૧૨. જે પાર્ટીની ઓફર સ્વીકારવામાં આવશે તે પાર્ટીએ વાહનની / ડેડસ્ટોક સાધનો નકકી થયેલ કિંમતની રકમ પુરેપુરી ભર્યા બાદ નકકી કરેલ સમયમર્યાદામાં વાહન લઈ જવાનું રહેશે જો તેમાં નિષ્ફળ જનાર પાર્ટીનો સોદો રદ થયેલ ગણાશે અને તેમને જમા થયેલ નાણાં રીફંડ મળી શકશે નહી.

૧૩. વાહન / ડેડસ્ટોક સાધનો જે તે આપેલ ઈજારદારે જ તેમના માણસો સાથે હાજર રહી લઈ જવાનું રહેશે. તેમની ગેરહાજરીમાં તેમના માણસો હશે તો પણ લઈ જવા દેવામાં આવશે નહી.

૧૪. હરાજી કરેલ વાહન / ડેડસ્ટોક સાધનો લઈ જતા સમયે ફાર્મને કોઈપણ જાતનું નુકશાન થશે તો તની વસુલાત ઈજારદાર પાસેથી કરવામાં આવશે.

૧૫. વાહન / ડેડસ્ટોક સાધનોનો કબજો મેળવ્યાથી તમામ જવાબદારી ઈજારો રાખનારની રહેશે.

૧૬. રસ ધરાવતા ઈસમ પુખ્ત વયનો હોવા જોઈએ અને અસ્થિર મગજના હોવો જોઈએ નહી.

૧૭. આવેલ ટેન્ડર ફોર્મ તા.૧૦/૦૮/૨૦૧૬ ના રોજ બપોરબાદ ૧૪:૩૦ કલાકે ટેન્ડર ભરનાર / તેમના પ્રતિનીધીની હાજરીમાં યુનિવર્સિટીની નિયુકત કરેલ કમિટી સમક્ષ કચેરી ખાતે ખોલવામાં આવશે.

૧૮. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા કોઈપણ ઈસમને ઈજારો આપી શકશે નહી.

૧૯. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે. તે અંગે કોઈ તકરાર ચાલશે નહી તેમજ યુનિવર્સિટીની કમિટીનો નિર્ણય આખરી ગણાશે જે ખરીદનારને બંધન કર્તા રહેશે.

૨૦. અનામતની રકમ સિવાયની ઓફરો / ટેન્ડરો રદ કરવામાં આવશે.

૨૧. ઓફર આપનાર ઈસમે છેકછાક કરી હોય ત્યાં ટુકી સહી કરવાની રહેશે.

૨૨. શબ્દોમાં અને આકડામાં ભુલ હશે તો જે રકમ વધારે હશે તે માન્ય ગણવામાં આવશે, આ બાબતે કોઈ વાદવિવાદ કે તકરાર ચાલશે નહિ.

૨૩. ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્રારા રચેલ કમિટીની રહેશે.

૨૪. ઉપરની શરતો વાંચીને સમજી છે. જે મને માન્ય / કબુલ / બંધન કર્તા છે.